**તાપમાન**
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૭૮ | ૨૯ મે, ૨૦૧૬, રવિવાર ; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ઈશરત પ્રકરણમાં સોનિયા ગાંધીની કોઈ ભૂમિકા નથી : કેન્દ્રિય ગૃહ મંત્રાલય

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસ પાર્ટીને મોટી રાહત થાય તેવા ઘટનાક્રમમાં કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા હવે કબુલાત કરવામાં આવી છે કે સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને ભારે રાજકીય ચર્ચા જગાવનાર ઈશરત કેસમાં સોનિયા ગાંધીની સામે કોઈ પુરાવા નથી. સોનિયા ગાંધીએ આમાં કોઈ દરમિયાનગીરી કરી ન હતી. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે એવા કોઈ પુરાવા મળતા નથી જેનાથી સંકેત મળી શકે કે સોનિયા ગાંધીએ ઈશરત કેસમાં અગાઉની યુપીએ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં ગેરકાયદે રીતે પ્રભાવિત કરવા માટે દરમિયાનગીરી કરી હતી. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આરટીઆઈના જવાબમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે.

# ગૃહ મંત્રાલય તોઈબા સાથે ચાલ્યું હતું : રિજજુ

### રિજજુના નિવેદનથી ચિદમ્બરમ ભારે લાલઘૂમ થયા : કિરણ રિજજુના નિવેદન બાદ કોંગ્રેસ દ્વારા જોરદાર વિરોધ કરીને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી કિરણ રિજજુને દૂર કરવા માંગ : વિવાદ અકબંધ રહે તેવા સંકેત



નવીદિલ્હી,તા. ૨૮

કેન્દ્રિય ગૃહ રાજ્યપ્રધાન કિરણ રિજજુએ ઈશરત કેસમાં પોતાના નિવેદનથી હવે નવો વિવાદ છેડી દીધો છે. રિજજુએ પીચ ચિદમ્બરમના નેતૃત્વવાળા તત્કાલીન ગૃહ મંત્રાલય પર ત્રાસવાદી સંગન લશ્કરે તોયબાની સાથે ચાલવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. બીજી બાજુ કોંગ્રેસે આ આક્ષેપને જોરદારરીતે ફગાવી દઈને પ્રધાનને આડેધડ નિવેદન કરવા બદલ દુર કરવાની માંગ કરી છે. તેમના નિવદનથી નારાજ થયેલા ચિદમ્બરમે કહ્યુ છે કે અમે લશ્કરની સાથે નાસ્તો કર્યો હતો અને તેમના લોકોને ભોજન પર બોલાવ્યા હતા. ચિદમ્બરમે પ્રધાનના નિવેદનથી બિલકુલ ગેરજવાબદારીપૂર્વક ગણાવીને તેની જોરદાર ઝાટકણી કાઢી હતી.

રિજજુએ એક મુલાકાતમાં કહ્યુ છે કે ઈશરત જહા મામલા સાથે જોડાયેલી કેટલીક ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવી ચુક્યો છે. તેમણે કહ્યુ હતુ કે શરૂઆતમાં લશ્કરે તોયબાએ એવો દાવો કર્યો હતો કે તે શહીદ છે. પરંતુ સીબીઆઈના એક ખાસ અધિકારીને તપાસમાં પ્રભારી બનાવી દેવામાં આવ્યા બાદ સંગઠને પોતાનુ નિવદેન બદલી નાંખ્યુ હતુ. કેન્દ્રિય પ્રધાને જો કે સીબીઆઈના અધિકારીના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. પરંતુ અત્રે નોંધનીય છે કે ગુજરાતના આઈપીએસ અધિકારી સતીશ વર્માને આ મામલામાં તપાસ કરી હતી. રિજજુએ કહ્યુ હતુ કે ઈશરત કેસમાં એન્કાઉન્ટરના તરત બાદ લશ્કરે તેને શહીદ તરીકે જાહેર કરી હતી. પરંતુ જ્યારે એક ખાસ અધિકારીએ તપાસ માટેની જવાબદારી સોંપવામાં આવી ત્યારે ત્રાસવાદી સંગઠને પોતાનુ નિવેદન બદલી નાંખ્યુ હતુ. તેમના દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે તેમનાથી ખોટુ નિવેદન જતચુ રહ્યુ છે. ઈશરત આ સંગઠનમાં સામેલ ન હતી. માલેગાવ બ્લાસ્ટની તપાસને લઈને રિજજુએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૮માં વિસ્ફોટની તપાસના નામ પર કોંગ્રેસે નાટક કર્યુ હતુ. તેમને કહ્યુ હતુ કે કોંગ્રેસ એ વખતે જે પગલા લઈ રહી હતી તેની પાછળ સાંપ્રદાયિક વિભાજનની રણનિતીને ખુબ વિચારીને આગળ વધારી દેવામાં આવી હતી.

# ફ્રી ઈન્ટરનેટ સેવા આપવા માટે ટ્રાયની સક્રિય વિચારણા

### ખુબ જ સસ્તા દરે અથવા તો ફ્રી ઇન્ટરનેટ સેવા આપવાના મુદ્દા પર સંબંધિત લોકોની સાથે વાતચીત જારી : અહેવાલ

નવી દિલ્હી,તા. ૨૮

ટેલિકોમ રેગ્લેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા અટલે કે ટ્રાયના ચેરમેન આરએસ શર્માએ કહ્યુ છે કે તમામ લોકોને ફ્રી ઈન્ટરનેટ સેવા આપવાના મુદા પર વિચારણા ચાલી રહી છે. જો ફ્રી નહી તો ખુબ જ સસ્તા અને વાજબી દરે ઈન્ટરનેટ સેવા આપવા માટે ટ્રાયની વિચારણા ચાલી રહી છે. જો આ નિર્ણય લેવાશે અને અમલી બનશે તો સામાન્ય લોકોને ખુબ મોટી રાહત મળી શકે છે. તેમણે કહ્યુ હતુ કે જે રીતે ટોલ ફ્રી લેન્ડ લાઈન નંબર્સની સુવિધા હોય છે તે જ રીતે આ સુવિધા પણ રહેશે. શર્માએ કહ્યુ હતુ કે આના મારફતે ઈન્ટરનેટની પહોંચને વધુ વિસ્તારો સુધી લઈ જવામાં આવશે. ટ્રાયના વડાએ કહ્યુ હતુ કે આ પ્રસ્તાવ હાલમાં વાતચીતના દોરમાં છે. આના કારણે નેટ ન્યુટ્રાલિટીના નિયમોનો કોઈ ભંગ પણ થશે નહી. તેમણે કહ્યુ હતુ કે આ ફેબ્રુઆરી મહિનામાં નિયામકના એ આદેશની સામે પણ રહેશે નહી જેમાં તમામ મોબાઈલ ઓપરેટર્સ સુધી ડેટાના એક્સેસ હોવા સુધી અલગ અલગ ટેરિફ પર રોક મુકવાની વાત કરવામાં આવી હતી. આ મામલે પેપર રજૂ કરવામાં આવ્યા બાદ પ્રથમ વખત નિવેદન કરતા શર્માએ કહ્યુ હતુ કે અમને આને લઈને કોઈ વાંધો નથી. જો કોઈ ફ્રીમાં અથવા તો સસ્તા દરે કન્ટેન્ટ આપે છે તો અમને આમાં કોઈ વાંધો નથી. પરંતુ આ બાબત તમામ મોબાઈલ ઓપરેટર્સ માટે ઉપલબ્ધ રહે તે જરૂરી છે. ટ્રાયના આ નવા પેપરને લઈને નેટ ન્યુટ્રાલિટી સાથે જોડાયેલા કેટલાક લોકોને વાંધો હોઈ શકે છે.




# આરસીબી-સનરાઈઝ વચ્ચે આજે ફાઈટ ટુ ફિનિશ જંગ

### બન્ને પોત પોતાની રીતે ટીમને એકલા હાથે ફાઈનલ સુધી લઈ ગયા બાદ આઈપીએલ ટ્રોફી જીતવા માટે જંગ થશે : વિરાટ કોહલી-ડેવિડ વોર્નર વચ્ચે મુખ્ય ટક્કર

બેંગલોર,તા. ૨૮

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ઈન્ડિયન પ્રિમિયર લીગ-૯માં આવતીકાલે રોમાંચક, દિલધડક અને હાઈ વોલ્ટેજ ફાઈનલ મેચ રમાનાર છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને ડેવિડ વોર્નરના નેતૃત્વમાં સનરાઈઝ હૈદરાબાદ વચ્ચે ફાઈનલ મેચ આવતીકાલે રવિવારે રમાશે. બન્ને ટીમો પોત પોતાની રીતે ફાઈનલ મેચને લઈને સંપૂર્ણપણે તૈયાર છે. બન્ને ટીમો સંપૂર્ણ તાકાત ચેમ્પિયન બનવા માટે લગાવી દે તે શક્યતા છે. વિરાટ કોહલી અને ડેવિડ વોર્નર વચ્ચે જ મુખ્ય સ્પર્ધા જોવા મળનાર છે. કારણ કે આ બન્ને ખેલાડીઓએ પોત પોતાની રીતે ભવ્ય દેખાવ કરીને પોતાની ટીમને ફાઈનલમાં પહોંચાડી દીધી છે.

# વિધાનસભાના ઉપાધ્યક્ષની ગાડીને જ-માર્ગ પર અકસ્માત

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના 'જ' માર્ગ પરથી પસાર થતી આત્મારામ પરમારની ગાડીને ઓવરટેઈક કરતી વખતે બેફામ જઈ રહેલી સીફટ ગાડીએ સામાન્ય ટક્કર મારી હતી.

વિધાનસભાના ઉપાધ્યક્ષ આત્મારામ પરમારની સરકારી ગાડી જીજે.૧૮.જી.બી.૯૯૩૩ને ટક્કર વાગતા તેના ડ્રાયવરે સીફટ ગાડીનો પીછો કર્યો હતો અને ઘ-૦ સર્કલ પાસે સીફટને આંતરી ડ્રાયવરને પકડી પાડ્યો હતો. લાલ લાઈટવાળી સરકારી ગાડી રોડ વચ્ચે ઉભી કરી યુવાનને સબક સીખવાડવા આત્મારામ પરમારે તેમના કમાન્ડો મારફતે પોલીસને ફોન કરી બોલાવી લીધી હતી. વીસેક મિનિટ સુધી ઉપાધ્યક્ષ ગાડીમાં જ બેસી રહ્યા હતા ત્યાં સુધી પોલીસ સ્થળ પર આવી પહોંચી ન હતી. પીસીઆરવાન અને ટ્રાફિક પોલીસની બોલેરો જીપ આવી જતાં તે યુવાનને પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી કરવાની પરમારે સૂચના આપી હતી.

વાત એવી ચર્ચાઈ રહી હતી કે આગળ પણ બે સ્થળે અકસ્માત થતાં સીફટચાલક રહી ગયો હતો અને તો બીજી તરફ સીફટ ચાલકના કહ્યા મુજબ તેને કોઈ અકસ્માત કર્યો જ ન હતો. સીફટ ગાડીની જમણી બાજુ અકસ્માત થયાના નિશાન દેખાતા હતા.











ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬




